ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી
ચોથો માળ, સહયોગ સંકુલ,
સેકટર-૧૧, ગાંધીનગર – ૩૮૨૦૧૦
ટેલીફોન નંબર:- (૦૭૯)૨૩૨-૫૮૬૫૯
વેબ સાઈટ -:https://gujrera.gujarat.gov.in

# ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી
# ગાંધીનગર

ફરીયાદી:- રાજની કેશવાની,

૬૮૩, વાસ્તુ શિલ્પ, ત્રીજો માળ,

ગરુડ વેર ની સામે, મામાની હોટલ,

સિંધી કોલોની,જવાહર નગર- રાજસ્થાન જયપૂર-૩૦૨૦૦૪

સામાવાળા :- સત્ય ડેવલપર્સ

સ્ટાર રેસીડેન્સી ટીપી નંબર ૧ ભાયલી વડોદરા 391410

પ્રોજેક્ટ : પ્રોજેક્ટ સ્ટાર રેસીડેન્સી

ફરીયાદી તરફથી હાજર રહેલ પ્રતિનિધિ :પોતે

સામાવાળા તરફથી હાજર રહેલ પ્રતિનિધિ : પોતે

(કોરમ : શ્રી પી.જે. પટેલ, મેમ્બર-૧)

ફરીયાદનં :- CMP/VADODARA/180717/000101

હુકમ

તા. ૨૨/ ૦૯/ ૨૦૧૮

૧.ફરિયાદી દ્વારા સ્ટાર રેસીડેન્સી ભાયલી ગામ વડોદરા મા ફ્લેટ નંબર ડી 703 તારીખ 15 july 2014 ના રોજ બુક કરાવેલ હતો સામાવાળાએ એ આ ફ્લેટ ફરિયાદી ને ૬ થી ૯ માસમાં તૈયાર કરી આપવા માટે બાંહેધરી આપી હતી અને તે પછી ફરિયાદી દ્વારા લગભગ બધી જ રકમ ભરી

દેવામાં આવેલ છે તેમજ તેમના દ્વારા વારંવાર આ અંગે સામાવાળાને યાદ કરાવેલ છે છતાં આજ દિન સુધી કોઈ કાર્યવાહી થયેલ નથી.

૨. સામાવાળાએ એવી રજૂઆત કરી છે કે ફરિયાદીએ ક્યારે પણ પોતાનું બુકિંગ કેન્સલ કરાવવા માટે લેખિતમાં અરજી કરેલ નથી કે ક્યારેય પણ સામાવાળાને જાણ કરેલ નથી તથા આ ફલેટના બુકિંગ પેટે તેઓને રૂપિયા ૧૬,૦૦,૦૦૦/- આજદિન સુધી મળેલ છે અને સામાવાળાએ આ રકમ પાછી આપવા માટે સમયની માગણી ની રજૂઆત ઓથોરિટી સમક્ષ કરેલ હતી તેમ જ એવી પણ બાહેધરી આપી હતી કે તેઓ ફરિયાદી સાથે તારીખ 15 ઓક્ટોબર 2018 સુધીમાં સમાધાન કરી લેશે.

૩. તારીખ ૧૧/૯/૨૦૧૮ સપ્ટેમ્બર 2018 ના રોજ ફરિયાદી શ્રી તેમજ બંને હાજર રહેલ છે અને બંને પક્ષ વચ્ચે સમાધાન થઈ ગયેલ છે તેમ જણાવી કેસ પાછો ખેંચેલ છે આ ઉપરાંત સામાવાળા દ્વારા કોર્ટ ને બાહેધરી આપી જણાવેલ છે કે તેઓ ફરિયાદીને રૂપિયા ૧૬,૦૦,૦૦૦+SBI ના MCLR દર + ૨ % ના વ્યાજ સાથે રિફંડ આપવા તૈયાર છે અને તે આ રકમ તા. ૧૫/૯/૨૦૧૮ સુધીમાં ચૂકવી આપશે.

## હુકમ

સામાવાળાએ ફરિયાદીને રૂપિયા ૧૬,૦૦,૦૦૦/- તથા SBIના પ્રવર્તમાન MCLR દર + ૨% ના વ્યાજ સાથે તા. ૧૫/૧૦/૨૦૧૮ સુધીમાં રકમ ચૂકવી આપવાના રહેશે તેમજ જો આ તારીખ સુધીમાં રકમ ન ચુકવે તો વધુ ૨ % વ્યાજ આપવાનું રહેશે.

આ સાથે ફરિયાદીની ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

(ગુજરાત સ્થાવર મિલકત નિયમનકારી સત્તામંડળ — stamp)

મેમ્બર-૧

ગુજરેરા